<u>વેચાણ દસ્તાવેજ</u>

==

જત ડિસ્ટ્રીક્ટ અમદાવાદ ના સબ ડિસ્ટ્રીક્ટ તથા રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ અમદાવાદ ૮ (સોલા) ના મોજે ગામ ત્રાગડ ની સિમના સર્વે/બ્લોક નં ૩૩૭/૨, ની ૨૬૩૦ ચો.મી જમીન કે જેનો ટાઉન પ્લાનીંગ સ્કીમ નં ૬૯, માં સમાવેશ થવાથી ફા.પ્લોટ નં ૨૮૮, ફાળવવામાં આવતા ફાઈનલ પ્લોટ મુજબ નું ક્ષેત્રફળ ૧૫૭૮ ચો.મી બીનખેતીની જમીન ઉપર આવેલ "શુભલક્ષ્મી એવન્યુ" ના નામથી ઓળખાતી સ્કીમ માં આવેલ ફ્લેટ નો વેચાણ દસ્તાવેજ રુપીયા . . .. . ,00,000/- અંકે રુપીયા . . .. . લાખ પુરાનો.

==

લખીઆપનાર :- ત્રિલોક ઈન્ફ્રાસ્ટ્રકચર એ નામની ભાગીદારી
વેચાણ આપનાર :- પેઢી જેની રજી.ઓફીસ :- ૮/૨૯, જી.એચ.બી, રાયપુર મીલ પાસે, સરસપુર, અમદાવાદ. ખાતે આવેલ છે.
પાનકાર્ડ નં :- **AAOFT 1756 A,**
ત્રિલોક ઈન્ફ્રાસ્ટ્રકચર ભાગીદારી પેઢી વતી અને તરફથી તેમના વહિવટકર્તા ભાગીદાર
વિકાસસિંહ એન રાજપુત

(જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજ માં “અમો” “લખીઆપનાર” “એકતરફવાળા” “વેચાણ આપનાર” એ રીતે સંબોધવામાં આવેલ છે જે શબ્દના અર્થમાં અમો “લખીઆપનાર” “એકતરફવાળા” “વેચાણ આપનાર” ભાગીદારી પેઢી તથા ભાગીદારી પેઢીનો હાલનો તથા વખતો વખત ના ભાગીદારો તથા ભાગીદારોના વંશ,વાલી,વારસો, સકસેસરો, એટર્નીઓ, એસાઇનીઓ, ઇત્યાદી તમામનો સમાવેશ થાય છે.)

લખાવી લેનાર :- . . . .,
વેચાણ લેનાર :- ઉ.વ.:- . . . , ધર્મ:-હિન્દુ,ધંધો:- . . . . ,
પાનકાર્ડ નં-.......................,
આધારકાર્ડ નં :-. . . . .,
રહેવાસી :- . . . . /. . ., ...,
. . . . ,અમદાવાદ.

(જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં તમો "લખાવી લેનાર" "વેચાણ લેનાર" " બીજીતરફવાળા" એ રીતે સંબોધવામાં આવેલ છે જે શબ્દના અર્થમાં તમો "લખાવી લેનાર" "વેચાણ લેનાર" " બીજી તરફવાળા" તથા તમો લખાવી લેનાર ના વંશ, વાલી, વારસો, સકસેસરો, એસાઇનીઓ, ઇત્યાદી તમામનો સમાવેશ થાય છે.)

(૧) જત ડિસ્ટ્રીકટ અમદાવાદ ના સબ ડિસ્ટ્રીકટ તથા રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ અમદાવાદ ૮ (સોલા) ના મોજે ગામ ત્રાગડ ની સિમના સર્વે/બ્લોક નં ૩૩૭/૨, ની ૨૬૩૦ ચો.મી જમીન કે જેનો ટાઉન પ્લાનીંગ સ્કીમ નં ૬૯, માં સમાવેશ થવાથી ફા.પ્લોટ નં ૨૮૮, ફાળવવામાં આવતા ફાઈનલ પ્લોટ મુજબ નું ક્ષેત્રફળ ૧૫૭૮ ચો.મી બીનખેતીની જમીન ઉપર આવેલ "શુભલક્ષ્મી એવન્યુ" ના નામથી ઓળખાતી સ્કીમ માં આવેલ જુદા જુદા ફલેટસ પૈકી . . . . માળે આવેલ ફલેટ નં . . ., ચો.મી. . . . . , ના કાર્પેટ ક્ષેત્રફળ ના બાંધકામ વાળી મિલ્કત(રીયલ એસ્ટેટ એન્ડ રેગ્યુલેશન એન્ડ ડેવલોપમેન્ટ એકટ ૨૦૧૬ના નિયમોનુસાર), તથા ફા.પ્લોટ નં ૨૮૮, ની ૧૫૭૮ ચો.મી બિનખેતીની જમીન પૈકી બાંધકામના પ્રમાણમાં વણ વહેચાયેલ ચો.મીટર . . . . ., ના હક્ક,સહિતની મિલ્કત આ વેચાણ દસ્તાવેજ થી વેચાણ આપીએ છીએ, જેને હવે પછીથી આ વેચાણ દસ્તાવેજમાં "સદરહું મિલકત" એ રીતે ઉલ્લેખ કરવામાં આવશે.

(૨) સદરહુ જમીન આશરે સને ૧૯૫૦-૫૧, ના અરસામાં સૌ પ્રથમ માલિક અને કબ્જેદાર તરીકે ધર્માભાઈ છબાભાઈ ના સ્વતંત્ર નામે ચાલતી આવેલી.

(૩) ત્યારબાદ તાલુકા હુકમ નં - ટી.એન.સી *૨૮/૦૮/૧૯૫૨,* ના રોજ હુકમ તા સદરહુ જમીનમા સામાન્ય ગણોતીયા તરીકે ડાહ્યાભાઈ વાલદાસ નું નામ સામન્ય ગણોતીયા તરીકે દાખલ કરતો હુકમ સક્ષમ અધિકારીશ્રીએ કરેલ જે બાબતની ગામ દફતરે ફેરફાર નોંધ નં *૭૭૫,* ના રોજ પડેલ.જે સક્ષમ અધિકારી મારફતે મંજુર કરવામાં આવેલ.

(૪) ત્યારબાદ સદરહુ જમીનમાં દાખલ થનાર સામાન્ય ગણોતીયા ડાહ્યાભાઈ વાલદાસ નું નામ કમી કરવા યાને કે સામાન્ય ગણોતીયા કમી કરવા બાબતે ની ફેરફાર નોંધ નં *૮૪૫,* ગામદફતરે પડેલ જે સક્ષમ અધિકારી મારફતે મંજુર કરવામા આવેલ અને ત્યારથી સદરહુ જમીનમાં સામાન્ય ગણોતીયા કમી થઈ જમીન ના માલિક અને કબ્જેદાર તરીકે શ્રી ધર્માભાઈ છબાભાઈ નું સ્વતંત્ર નામ ચાલતુ આવેલ.

(૫) ત્યારબાદ સદરહુ જમીનના જમીન માલિક શ્રી ધર્માભાઈ છબાભાઈ તા.*૦૮/૦૮/૧૯૭૩,* ના અરસામાં કોઈપણ જાતનું વિલ યાને કે વસીયતનામું કર્યા સિવાય ગુજરી જતા સદરહુ જમીનમાં તેમના સિધીલીટીના વારસદારો તરીકે *(૧)* મુળજીભાઈ ધર્માભાઈ, *(૨)* કેશવલાલ ધર્માભાઈ, *(૩)* જયંતિભાઈ ધર્માભાઈ તથા, *(૪)* હીનાબેન ધર્માભાઈ ના નામ દાખલ કરવામાં આવેલ જે બાબતની ગામ દફતરે ફેરફાર નોંધ નં *૧૧૧૪,* તા. *૧૫/૦૮/૧૯૭૩,* ના રોજ નોંધ પડેલ જે નોંધ સક્ષમ અધિકારીશ્રી મારફતે મંજુર કરતા સદરહુ જમીનમાં શ્રી ધર્માભાઈ છબાભાઈ ના સિધીલીટીના વારસદારનો ના નામ દાખલ કરવામાં આવેલ અને ત્યારથી સદરહુ જમીન ના જમીન માલિક તરીકે *(૧)* મુળજીભાઈ ધર્માભાઈ, *(૨)*

કેશવલાલ ધર્માભાઈ, (૩) જયંતિભાઈ ધર્માભાઈ તથા, (૪) હીનાબેન ધર્માભાઈ ના નામો સંયુક્ત રીતે દાખલ થયેલ.

(૬) ત્યારબાદ સદરહુ જમીનના જમીન સહમાલિક શ્રી મુળજીભાઈ ધર્માભાઈ તા. ૧૬/૧૧/૧૯૯૮, ના રોજ કોઈપણ જાતનું વિલ યાને કે વસીયતનામું કર્યા સિવાય ગુજરી જતા સદરહુ જમીનમાં તેમના સિધીલીટીના વારસદારો તરીકે (૧) કૈલાસબેન મુળજીભાઈ, (૨) માયાબેન મુળજીભાઈ, (૩) ચંદ્રિકાબેન મુળજીભાઈ, (૪) આશાબેન મુળજીભાઈ, (૫) સુમિત્રાબેન મુળજીભાઈ, (૬) સુધાબેન મુળજીભાઈ, (૭) પીનાબેન મુળજીભાઈ, તથા (૮) જડીબેન મુળજીભાઈ ના વિધવા, નું નામ દાખલ કરવામાં આવેલ જે બાબતની ગામ દફતરે ફેરફાર નોંધ નં ૨૪૯૪, તા. ૦૧/૦૮/૨૦૦૫, ના રોજ નોંધ પડેલ જે નોંધ સક્ષમ અધિકારીશ્રી મારફતે પ્રમાણીત કરતા સદરહુ જમીનમાં શ્રી મુળજીભાઈ ધર્માભાઈ ના સિધીલીટીના વારસદારનો ના નામ દાખલ કરવામાં આવેલ અને ત્યારથી સદરહુ જમીન ના જમીન માલિક તરીકે (૧) કૈલાસબેન મુળજીભાઈ, (૨) માયાબેન મુળજીભાઈ, (૩) ચંદ્રિકાબેન મુળજીભાઈ, (૪) આશાબેન મુળજીભાઈ, (૫) સુમિત્રાબેન મુળજીભાઈ, (૬) સુધાબેન મળજીભાઈ, (૭) પીનાબેન મુળજીભાઈ, તથા (૮) જડીબેન મુળજીભાઈ, (૯) કેશવલાલ ધર્માભાઈ, (૧૦) જયંતિભાઈ ધર્માભાઈ તથા, (૧૧) હીનાબેન ધર્માભાઈ ના નામો સંયુક્ત રીતે દાખલ થયેલ.

(૭) ત્યારબાદ સદરહુ જમીન ના માલિક કબ્જેદાર પૈકી હિનાબેન ધર્માભાઈ એ તેમના હિસ્સાનો પોષાતો હક્ક, હિસ્સો અન્ય સહમાલિકોની તરફેણમાં પોતાની રાજીખુશીથી ઉઠાવી લેવા બાબતે ડેકલેરેશન કરી આપેલ જે બાબતની ગામ દફતરે ફેરફાર નોંધ નં ૨૪૯૯, તા. ૦૬/૦૮/૨૦૦૫, ના

રોજ નોંધ પડેલ જે નોંધ સક્ષમ અધિકારીશ્રી મારફતે પ્રમાણીત કરતા સદરહુ જમીનમાંથી હિનાબેન ધર્માભાઈ નું નામ કમી કરવામાં આવેલ.

(૮) ત્યારબાદ સદરહુ જમીનના સહમાલિકો પોત પોતાના ભાગમાં આવેલી જમીનો માં ખેતી કરતા હોઈ સહમાલિકો વચ્ચે ધરમેળે વહેચણી કરતા સદરહુ જમીન(૧) કૈલાસબેન મુળજીભાઈ, (૨) માયાબેન મુળજીભાઈ,(૩) ચંદ્રિકાબેન મુળજીભાઈ,(૪) આશાબેન મુળજીભાઈ,(૫) સુમિત્રાબેન મુળજીભાઈ,(૬) સુધાબેન મુળજીભાઈ, (૭) પીનાબેન મુળજીભાઈ, તથા (૮) જડીબેન મુળજીભાઈ, ના ભાગે અને ખાતે આવેલ જે બાબતની ગામ દફતરે ફેરફાર નોંધ નં ૨૫૬૧, તા.૦૮/૦૨/૨૦૦૬, ના રોજ નોંધ પડેલ જે નોંધ સક્ષમ અધિકારી શ્રી મારફત પ્રમાણીત કરતા સદરહુ જમીનમાં(૧) કૈલાસબેન મુળજીભાઈ, (૨) માયાબેન મુળજીભાઈ, (૩)ચંદ્રિકાબેન મુળજીભાઈ,(૪) આશાબેન મુળજીભાઈ,(૫) સુમિત્રાબેન મુળજીભાઈ,(૬) સુધાબેન મુળજીભાઈ,(૭) પીનાબેન મુળજીભાઈ, તથા(૮) જડીબેન મુળજીભાઈ, ના નામ દાખલ કરવામાં આવેલ.

(૯) ત્યારબાદ સદરહુ જમીનના સહમાલિકો પૈકી જડીબેન મુળજીભાઈ ધર્માભાઈ ના વિધવા તા. ૨૨/૦૨/૨૦૧૬, ના રોજ મૈયત થતા તેમનું નામ કમી કરવામાં આવેલ જે બાબતની ગામ દફતરે ફેરફાર નોંધ નં ૪૩૪૨, તા.૦૬/૦૪/૨૦૧૮, ના રોજ નોંધ પડેલ જે નોંધ સક્ષમ અધિકારી શ્રી મારફતે પ્રમાણીત કરતા સદરહુ જમીનમાં જડીબેન મુળજીભાઈ, ન નામ કમી થયેલ અને સદરહુ જમીન અમો વેચાણ આપનારાઓના નામો ચાલતા આવેલ છે.

(૧૦) ત્યારબાદ સદરહુ જમીન બીનખેતીમાં તબદીલ કરવા બાબતે વેચાણ આપનારાઓ એ ભેગામળીને મે.જીલ્લા કલેકટરસાહેબશ્રી અમદાવાદ સમક્ષ અરજી કરતા મે. જીલ્લા કલેકટરશ્રી અમદાવાદ ના એ જરુરી તમામ અભીપ્રાય ચકાસીને મે.જીલ્લા કલેકટરશ્રી અમદાવાદ ના એ તેમના હુકમ નંઃ- સીબી/**LAND- 1**/એનએ/એસઆર-*૫૩૧/ ૨૦૧૮,* તા *૨૪/૦૭/૨૦૧૮,* ના રોજ સદરહુ જમીન મલ્ટીપર્પઝ હેતુ માટે બીનખેતીમાં તબદીલ કરી આપેલ જે બાબતની ગામ દફતરે ફેરફાર નોંધ નં *૪૩૯૦,* તા. *૨૯/૧૦/૨૦૧૮,* ના રોજ નોંધ પડેલ જે નોંધ સક્ષમ અધિકારી શ્રી મારફતે પ્રમાણીત કરવામાં આવેલ.

(૧૧) ત્યારબાદ સદરહુ જમીન *(૧)* કૈલાસબેન મુળજીભાઈ, *(૨)* માયાબેન મુળજીભાઈ, *(૩)*ચંદ્રિકાબેન મુળજીભાઈ,*(૪)* આશાબેન મુળજીભાઈ,*(૫)* સુમિત્રાબેન મુળજીભાઈ,*(૬)* સુધાબેન મુળજીભાઈ,*(૭)* પીનાબેન મુળજીભાઈ, ની માલિકી, કબજા, ભોગવટાની આવેલી અને તેઓની પાસેથી સદરહુ જમીન અમો વેચાણ આપનાર ભાગીદારી પેઢીએ વેચાણ રાખેલ, જે બાબતનો વેચાણ દસ્તાવેજ મે. સબ રજીસ્ટ્રાર સાહેબ અમદાવાદ – *૮* (સોલા), ની કચેરીમાં વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં *૯૩૨૩/૨૦૧૯,* તારીખ *૨૦/૦૫/૨૦૧૯,* થી કરવામાં આવેલ. જે અંગેની ગામ દફતરે ફેરફાર નોંધ નં *૪૫૫૯,* તારીખ *૧૮/૦૬/૨૦૧૯,* ના રોજ કરવામાં આવેલ છે.જે નોંધ સક્ષમ અધિકારીશ્રી એ પ્રમાણીત કરેલ અને ત્યારથી સદરહુ જમીનના માલિક અને કબ્જેદાર તરીકે અમો વેચાણ આપનાર નું નામ દાખલ કરવામાં આવેલ.

(૧૨) સદરહું ફાઇનલ પ્લોટ નં ૨૮૮, ની જમીન ઉપર ફલેટોનું બાંધકામ કરવા અંગેના પ્લાન અમ.મ્યુ.કો.તરફથી તા.૦૪/૧૦/૨૦૧૯, ના રોજ રજાચીઠ્ઠા નં :- **02327/210619/A2502/RO/M1,(BLOCK NO A),** તા.૦૪/૧૦/૨૦૧૯, ના રોજ રજાચીઠ્ઠા નં :- **02328/ 210619/ A2503/RO/M1,(BLOCK NO B)** થી મંજુર કરવામાં આવેલ છે., સદરહુ સમગ્ર જમીન બિનખેતીની અને બાંધકામ યોગ્ય બનેલ તેમજ સદરહુ સ્કીમમાં મંજુર થયેલ પ્લાન માં દર્શાવ્યા મુજબ પાણી,ગટર,અને વિજળી સહિતની વેચાણ આપનારાઓ નક્કી કરેલ અને જણાવ્યા મુજબ જરુરી સુવિધાઓયુક્ત બાંધકામ કરવા – કરાવવાની યોજના અમલમાં મુકેલ છે.

(૧૩) સદરહુ સમગ્ર જમીન બિનખેતીની અને બાંધકામ યોગ્ય બનેલ તેમજ સદરહુ સ્કીમમાં મંજુર થયેલ પ્લાન અને લાગુ ઓથોરીટી ધ્વારા આપવામાં આવેલ નિયમાનુસાર/ નાગરીક આધાર રુપ જરુરીયાત મુજબ પાણી,ગટર,અને વિજળી સહિતની વેચાણ આપનારે નક્કી કરેલ અને જણાવ્યા મુજબ જરુરી સુવિધાઓયુક્ત બાંધકામ કરવા / કરાવવાની યોજના અમલમાં મુકેલ છે.

(૧૪) સદરહુ મિલ્કત ઉપર કોઇ સંસ્થા,બેંક,પેઢી,શ્રોફ,વ્યકિતઓ,સરકારશ્રીનો ક ગ્રામપંચાયત કે સ્થાનિક સંસ્થાઓનો વિગેરે કોઇનો બોજો કે લોન મેળવેલ નથી, કે કોઇના જામીનમાં નથી. તેમજ કોઇ કોર્ટ કચેરી કે ઓફિસોમાં કોઇપણ જાતના કોઇ પ્રોસીડિંગ્સ ચાલતા નથી, કે કોઇ હુકમનામું થયેલ નથી. સદરહુ મિલ્કતમાં કોઇપણ જાતના રીઝર્વેશન કે કપાત નથી કે ગ્રીન બેલ્ટમાં નથી, તેમજ તેના ઉપર કોઇનો ભરણપોષણ નો કે અન્ય કોઇ હક્ક પોષાતો નથી, તેમજ કોઇને કોઇપણ પ્રકારના લખાણોથી લખી આપેલ નથી. કોઇને કબજો સોંપેલ નથી. તેવી તમામ પ્રકારના રાઇટસ ટાઇટલ્સ

ચોખ્ખા અને માર્કેટેબલ હોવા અંગેની તમામ ખાતરીઓ અમો આપીએ છીએ. જે અંગેનું ટાઇટલ સર્ટિફીકેટ અમોએ એડવોકેટશ્રી મિલાપ દેવેન્દ્રકુમાર શાહ પાસેથી મેળવેલ છે.

(૧૫) સદરહુ સમગ્ર જમીન ઉપર જે રહેણાંકના ફલેટોનું બાંધકામ કરવામાં આવેલ છે, તે બાંધકામવાળી મિલ્કત “શુભલક્ષ્મી એવન્યુ” ના નામથી ઓળખાશે અને સદરહુ નામમાં ફેરફાર કરવાનો તમો લખાવી લેનાર – બીજીતરફવાળા ને કોઇ હક્ક અધિકાર ન હતા અને નથી.

(૧૬) સદરહુ જમીનમાં મંજુર થયેલા પ્લાન તથા રજાચીઠ્ઠી મુજબ એપાર્ટમેન્ટ ટાઇપના રહેણાંકના ફલેટોના બાંધકામની યોજના તથા દુકાનો ના બાંધકામ ની નિયમબધ્ધ અમો વેચાણ આપનાર - એકતરફવાળા ત્રિલોક ઈન્ફ્રાસ્ટ્રકચર એ નામની ભાગીદારી પેઢી ધ્વારા મુકવામાં આવેલ છે અને સદરહુ જમીન અમો લખી આપનાર – એકતરફવાળા ની માલિકી, કબજા,ભોગવટાની બોજા રહિત ની મિલ્કત આવેલ છે.

(૧૭) સદરહુ ફાળવેલ /વેચાણ આપેલ મિલ્કત ની બાંધકામમાં સ્ટ્રકચર ખામી અથવા વર્કમેનશીપની અથવા માલ – સામાનની ગુણવત્તા અથવા સેવાની જોગવાઇ બાબતે કે ડેવલપમેન્ટ સબંધે કે બુકિંગ એગ્રીમેન્ટ ની સમજુતી મુજબ અમો લખી આપનાર – બીજીતરફવાળા અલોટી સભ્ય ધ્વારા કબજો સોપ્યાની તારીખથી વર્ષ – ૫ ના સમયગાળાની અંદર અમો એકતરફવાળા પ્રયોજકોની જાણકારીમાં લાવવામાં આવે તો અમો લખી આપનાર – એકતરફવાળા પ્રયોજકોની ફરજ બનશે કે *૩૦,* દિવસની અંદર વધારાના ચાર્જ વસુલ કર્યા સિવાય એવી ખામીઓ સુધારી આપવાની રહેશે. પરંતુ

સદરહુ મિલ્કતમાં વેચાણ લેનાર પોતે કે પોતાના પ્રતિનિધી મારફતે સ્ટ્રકચર કે તેના મુળભુત ફીટીંગ્સમાં કોઇપણ ફેરફાર કે તોડફોડ કરાવે અને તેથી કરીને બિલ્ડીંગ કે ફીટીગ્સમાં ખામી સર્જાય તો તે અંગે વેચાણ આપનાર – અકતરફવાળાને જવાબદાર ગણી શકશે નહિ અને તેવા સંજોગોમાં તેવી કોઇ ગેરંટી કે બાહેંધરી અમલી ગણાશે નહી.

(૧૮) સદરહુ જમીન ઉપર "શુભલક્ષ્મી એવન્યુ" ના નામથી સ્કીમ પોતાના ખર્ચે અને જોખમે મુકેલ છે અને મંજુર થયેલા પ્લાન અનુસાર મજકુર સ્કીને ડેવલોપ કરવાનું નક્કી કરી અને સ્કીમ માં જોડાનાર સભ્યો – વેચાણ લેનાર ને સ્કીમના ફલેટનું વેચાણ કરવાનું નક્કી કરેલ છે.

(૧૯) સદરહુ સ્કીમની મુલાકાત લઈ સદરહુ સ્કીમ બાબતે સંપુર્ણ માહિતી મેળવી તથા સ્કીમના નિતી નિયમો ની તમામ પ્રકારની જાણકારી મેળવી લઈ તથા સદરહુ સ્કીમ જે જમીન ઉપર આવેલ છે તે જમીન ના તમામ પેપર્સ ચકાસણી કર્યાબાદ અને ટાઈટલ કલીયર બાબતે પોતાના એડવોકેટ પાસે ચકાસણી કરાવ્યા બાદ સદરહુ ફલેટ ના સ્પેશીફીકેશન અને ફલેટ ના ક્ષેત્રફળ તથા લોન અંગેની માહિતી મેળવી તથા સદરહુ ફલેટ ના બાકી નિકળતા પેમેન્ટ ટર્મ્સ વિગેરે ની ચકાસણી કર્યાબાદ વેચાણ લેનાર પોતે તથા તેમના વંશ,વાલી,વારસો સંતોષ પામેલ ત્યારબાદ આ બાનાખત કરેલ છે.

(૨૦) સદરહુ મિલ્કતની આનુસંગિક ૧,બાલ્કની . . . . , ચો.મી ના કાર્પેટ ક્ષેત્રફળવાળી મિલ્કતનો કુલ નક્કી કરેલ અવેજની રકમમાં સમાવેશ થઇ જાય છે.સદરહુ મિલ્કતની આનુસંગિક ૧,વોશ એરીયાની . . . . ., ચો.મી ના કાર્પેટ ક્ષેત્રફળવાળી મિલ્કતનો કુલ નક્કી કરેલ અવેજની રકમમાં સમાવેશ

થઇ જાય છે.ઉપરોક્ત દર્શાવ્યા મુજબ ના ક્ષેત્રફળનો કુલ કાર્પેટ એરીયા ચો.મી. . . . ., માં સમાવેશ થયેલ છે.

(૨૧) સદરહુ જમીન ઉપર આવેલ "શુભલક્ષ્મી એવન્યુ" ના નામથી ઓળખાતી સ્કીમ માં આવેલ જુદા જુદા ફ્લેટસ પૈકી . . . . માળે આવેલ ફ્લેટ નં . . ., ચો.મી. . . . . , ના કાર્પેટ ક્ષેત્રફળ ના બાંધકામ તથા બાલ્કની ચો.મી. . . . . , વોશ એરીયા ચો.મી. . . . . , આમ કુલ . . . . ક્ષેત્રફળ તથા ફા.પ્લોટ નં ૨૮૮, ની ૧૫૭૮ ચો.મી બિનખેતીની જમીન પૈકી બાંધકામના પ્રમાણમાં વણ વહેચાયેલ ચો.મીટર . . . . ., ના હક્ક,સહિતના મિલ્કત નો વેચાણ દસ્તાવેજ કુલ ઉચ્ચક કિંમત . . . . .અંકે રુપીયા . . . . .વેચાણ લેનારે વેચાણ રાખવાનું નક્કી કરેલ છે.

(૨૨) સદરહુ સમગ્ર જમીન ઉપર મુકવામાં આવેલ "શુભલક્ષ્મી એવન્યુ" નામની યોજના માં આવેલ મિલ્કત તેને આનુસંગિક નીચે મુજબના હક્કો તથા હિતો સહિતની મિલ્કત ઉચ્ચક અધાટ વેચાણ કિંમત રુપીયા . .. . ,૦૦,૦૦૦/- અંકે રુપીયા . . .. .લાખ પુરા માં વેચાણ આપવાનું નક્કી કરીને તેનો પુરેપુરો અવેજ ની વિગત નીચે દર્શાવ્યા મુજબ ની વિગતે અમો વેચાણ આપનારને તમો વેચાણ લેનારની પાસેથી મળેલ છે. જ કિંમતમાં નીચે દર્શાવ્યા મુજબના હક્કો તથા હિતોની કિંમતનો પણ સમાવેશ થઇ જાય છે.

(૨૩) સદરહુ મિલ્કત બાબતે વેચાણ આપનાર અને વેચાણ લેનાર વચ્ચે તા. . . . . .. ના રોજ રજી.બાનાખત નં . . . . .. થયેલ છે.

(૨૪) સદરહુ મિલ્કત અંગે વેચાણ લેનાર એ વેચાણ આપનારને ચુકવેલ અવેજમાં એ.એમ.સી ટેક્ષ, ગટર કનેકશન, પાણી કનેકશન, લાઈટ કનેકશન, સર્વિસ ટેક્ષ, જી.એસ.ટી, વિગેરે તમામનો સમાવેશ થાય છે.જે વેચાણ લેનાર એ પુરેપુરી નીચેની વિગતે વેચાણ આપનાર ને ચુકવી આપેલ છે.વેચાણ અવેજ ની પહોચ આજરોજ આપે છે. જે પહોચ વેચાણ લેનાર સ્વીકારે છે.

વેચાણ અવેજ ની વિગત

તારીખ	ચેક નં	બેંક નું નામ	અવેજ	રીમાર્ક

(૨૫) સદરહુ "શુભલક્ષ્મી એવન્યુ" નામનાં સંકુલમાં રાખેલ અને આવેલ ખુલ્લી જમીન તથા કોમન પાર્કિંગ પ્લેસ, સીડી, પાણીની અન્ડર ગ્રાઉન્ડ તથા ઓવરહેડ ટાંકીઓ, ટેલીફોન લાઈન, લીફ્ટ, ગટરલાઈન, સુએઝ લાઈન, તથા ઈલેકટ્રીક લાઈન, ટેલીફોન લાઈન, વિગેરે સદરહુ મિલ્કતમાં લાવવા લઈ જવાની કોમન વ્યવસ્થા, કોમન લાઈટ, માર્જીનલ જમીન, વિગેરે તમામ સુવિધાઓ સહિયારી રીતે વાપરવાનો હક્ક, સુખાધીકાર, તથા બાંધકામના કોમન સ્લેબો, અને ઉભા કોમન પીલર્સ,સ્કીમના પાયા નું બાંધકામ તથા સ્કીમની અન્ય સહવપરાશની વસ્તુઓ વગર વહેચાયેલો વરાડે પડતો હક્ક અન્ય મિલ્કત ધારકો સાથે સહિયારામાં ઉપયોગ કરવાનો વપરાશી હક્ક તમો વેચાણ લેનારને આપેલો છે. અમો વેચાણ આપનારે તમો વેચાણ લેનારને આ વેચાણ દસ્તાવેજથી કોમન મિલ્કતનો પ્રત્યક્ષ કબજો સોંપેલ નથી.

(૨૬) સદરહુ યોજનામાં ગ્રાઉન્ડ ફ્લોર ઉપર વાણીજય હેતુ અંગેની દુકાનો બનાવેલ છે, જેનો વાપર ઉપયોગ કાયદેસર ની ધંધાકીય પ્રવૃતી માટે જ વેચાણ લેનાર યાને કે દુકાન માલિકો એ કે તેમના ભાડુઆતો એ કરવાનો રહેશે આ બાબતે વેચાણ લેનાર કોઈપણ સભ્યો એ વાંધો કે તકરાર ઉઠાવવાના નથી.

(૨૭) પ્રમોટરે ભવિષ્યમાં કોઈપણ પ્રકારના એફ.એસ.આઈ બાબતે તથા વધારાની એફ.એસ.આઈ બાબતે અને ધાબાના હક્કો બાબતે બી.યુ.પરવાનગી આવ્યા બાદ માંગણી કરી શકશે નહી આ તમામ હક્કો યોજના ના સભ્યો યાને કે સોસાયટી ના સભ્યો ના રહેશે.

(૨૮) આ કરાર ની કોઈપણ જોગવાઈ ઉક્ત અધિનીયમ અથવા તે બાબતે ઘડવામાં આવેલ નિયમો અને વિનિમયો હેઠળ અથવા લાગુ પડવાપાત્ર અન્ય કાયદાઓ હેઠળ રદ કરવા અથવા બિનઅમલપાત્ર બનાવવાનું નક્કી કરવામાં આવે તો આવી જોગવાઈઓ તે આ કરારના હેતુ સાથે અસંગત હોય એટલા પુરતી અને આ અધિનીયમ અથવા તે હેઠળ ઘડવામાં આવેલા નિયમો અથવા લાગુ પડતા કાયદાઓ સાથે તે અનુરુપ હોવી જરુરી હોય તેટલા પ્રમાણમાં તે સુધારાયેલી અથવા રદ થયેલી ગણાશે. અને આ કરારની બાકીની જોગવાઈઓ આ કરાર ના અમલ વખતે લાગુ પડતી હતી એ જ રીતે માન્ય અને અમલપાત્ર રહેશે.

(૨૯) વેચાણ લેનાર સદરહુ મિલ્કતનો જે હેતુ માટે ખરીદ કરેલ હશે તે જ હેતુ માટે વપરાશ કરી શકશે. સદરહુ મિલ્કત નો વાપર ઉપયોગ વેચાણ લેનાર એ સદરહુ યોજનાના અન્ય સભ્યો ને અડચણરુપ ન થાય તેવીરીતે કરવાનો રહેશે.વાણીજય હેતુ માટે દુકાન વેચાણ લેનાર સભ્યએ કાયદા ધ્વારા પ્રતિબંધિત હોય તેવા કોઈપણ વેપાર ધંધા કરવાના કે કરાવવાના નથી.

(૩૦) સદરહુ મિલ્કત ના બહાર ના ભાગમાં કે એલીવેશનમાં ફેરફાર વેચાણ લેનાર કયારેય કરી શકશે નહી. વેચાણ લેનાર સ્કીમના બહારના ભાગમાં કલર, છજુ, શેડ, સાઈઝ, લોકેશન, વિગેરે માં બદલાવ કરી શકશે નહી. વેચાણ આપનારએ જેવી રીતે સદરહુ મિલ્કત વેચાણ આપેલ છે તે જ કન્ડીશનમાં રાખવાની છે.

(૩૧) સદરહુ મિલ્કત વેચાણ લીધા બાદ પઝેશન મેળવી લીધા બાદ સમારકામ, ફર્નિચર કામ, ઈલેકટ્રીક કામ, વિગેરે કરતા – કરાવતા જે પણ કચરો કે ગંદકી થાય તેનો આજુબાજુ વાળા ને તથા આજુબાજુમાં આવેલ અન્ય સ્કીમ ના સભ્યો ને કે પર્યાવરણ ને નુકશાન ન થાય તેવી રીતે નિકાલ કરવાનો રહેશે.

(૩૨) સદરહુ સ્કીમ ની કોમન જગ્યા/ વરાડે પડતી જગ્યા યાને કે સીડી, ફોયર, લીફટ, વિગેરે જગ્યામાં કોઈપણ પ્રકારના સાધનો, માલ–સામાન મુકવાનો નથી કે કોઈપણ જાતના પ્રસંગ કરવા – કરાવવાના નથી.

(૩૩) સદરહુ યોજના અંર્તગત વેચાણ આપનાર જે પણ સર્વિસ સોસાયટી બનાવે તેમાં દરેક એ સભ્ય થવુ ફરજીયાત છે અને દરેક સભ્ય એ સભ્યફી તથા મેઈન્ટેનન્સ જે પણ નક્કી થાય તે ફરજીયાતપણે આપવાનું રહેશે.સર્વિસ સોસાયટી નું વિભાજન રહેણાંક યોજના ના સભ્યો યાને કે ફલેટ મેમ્બર્સ કરી શકશે નહી.

(૩૪) સદરહુ યોજના રહેણાંક તથા વાણીજયમાં સરકારશ્રી મારફતે જે પણ ભવિષ્યમાં સેફટી સિસ્ટમ લગાવવાનું કહેવામાં આવે તે તમામ સેફટી સિસ્સટમ વેચાણ લેનાર એ લગાવવાની રહેશે. જેમાં વેચાણ લેનાર કે

તેમના વતી તેમના પ્રતિનીધી રુબરુ હાજર રહી ને લગાવશે જેનો ખર્ચ વેચાણ લેનાર સભ્યો ભોગવશે.

(૩૫) સદરહુ સ્કીમ ના પ્લાન સક્ષમ ઓથોરીટીએ મંજુર કરેલ હોય તેમાં વેચાણ લેનાર આંતરીક કે બાહ્ય રીતે ફેરફાર કરે જેથી સરકારશ્રી દંડ કરે તે વેચાણ લેનાર એ પોતાના સ્વખર્ચે ભરી પ્લાન મુજબ ના બાંધકામ કરવાના રહેશે.

(૩૬) વેચાણ લેનાર એ સદરહુ મિલ્કત નાબી.યુ.પરવાનગી મેળવ્યા બાદ . . . . માસ સુધી નું કોમન મેઈન્ટેનન્સ વેચાણ આપનાર ને ચુકવી આપેલ છે. આ મેઈન્ટેનન્સ ની રકમ માં કોમન સુવિધાઓ, સ્ટાફ પગાર, વહીવટીય ખર્ચ, ઈત્યાદી તમામ નો સમાવેશ થાય છે. ભવિષ્યમાં જો સદરહુ યોજના ને મેઈન્ટેઈન કરવાનો ખર્ચ મેઈન્ટેનન્સ ની રકમ કરતા વધી જાય તો અલગથી વેચાણ આપનાર નક્કી કરે તે મુજબની રકમ આપવાની રહેશે.

(૩૭) વેચાણ આપનાર સદરહુ યોજનાની જાળવણી કરવા સર્વિસ સોસાયટી ની રચના કરેલ છે. જેનો રજી.નંબર . . . . તા. . . . . . . છે. આ સર્વિસ સોસાયટી ધ્વારા જે પણ નિતી નિયમો ઘડવામાં આવે તે તમામ યુનિટધારકો એ યાને કે તમામ સભ્યોને કબુલ મંજુર રહેશે.

(૩૮) સદરહુ યોજનાની ડિઝાઈન સુંદર રીતે કરવામાં આવેલ છે જેમાં કોમન જગ્યામાં, એમીનીટીઝ, સુવિધાઓ, તથા વપરાશ ઈત્યાદીની સંપુર્ણ માલિકી, નિયત્રણ, વહીવટ, વેચાણ આપનારની અને ત્યારબાદ સર્વિસ સોસાયટીનો રહેશે તથા કોમન એમેનીટીઝ, માર્જીન, તથા પાર્કીંગ ની જગ્યા યુનિટ ધારકો પુરતીજ કરવામાં આવેલ છે.

(૩૯) સદરહુ યોજના નો વહીવટ વેચાણ આપનાર સર્વિસ સોસાયટી ના સભ્યો યાને કે વેચાણ લેનાર ને સોંપે ત્યા સુધીની સદરહુ યોજના ની સાર – સંભાળ / મેઈન્ટેઈન કરવાની તમામ જવાબદારી વેચાણ આપનારની છે ત્યારબાદ ની તમામ જવાબદારી જે તે સભ્યો / સર્વિસ સોસાયટી છે અને રહેશે.

(૪૦) વેચાણ આપનાર જયારે વહીવટ સર્વિસ સોસાયટી ના સભ્યો ને સોંપે ત્યારે જે પણ હિસાબ કિતાબ હોય તે સભ્યો એ સમજી લેવાનો રહેશે તથા સભ્યો એ વહીવટ મેળવી લીધા બાદ કોઈપણ જાતની તકરાર ઉપસ્થિત કરશે તો ચલાવી લેવામાં આવશે નહી.

(૪૧) સદરહુ યોજનામાં આવેલ દુકાનો / રહેણાંક મકાનો, વેચાણ ન થાય તો તેની માલિકી વેચાણ આપનારની રહેશે જેનું મેઈન્ટેનન્સ સર્વિસ સોસાયટી ને આપવાનું નથી.વેચાણ આપનાર સદરહુ યોજનાની જાળવણી શુધ્ધબુધ્ધિથી જ કરશે જેમાં વેચાણ આપનાર ની કોઈપણ જાતની અંગત/ વ્યકિતગત જવાબદારી રહેશે નહી.

(૪૨) સદરહુ યોજના "શુભલક્ષ્મી એવન્યુ" ના નામથી જ ઓળખવાની રહેશે.તમામ રહેણાંક ફલેટ ના પાર્કીગની વ્યવસ્થા યોગ્ય જગ્યા એ કરેલ છે. તથા પાર્કીગ બાબતે જે જગ્યા જે સભ્યની નક્કી કરવામાં આવેલ છે તે સભ્યો એ તે જ જગ્યા એ પોતાના વાહનો પાર્ક કરવાના રહેશે.

(૪૩) સદરહુ યોજના માં વેચાણ આપનાર વેચાણ લેનાર સભ્યો ને ફીક્ષ મેથર્ડ થી પાર્કીગ આપશે જેમાં કોઈ એ તકારાર કરવી કરાવવાની નથી.સદરહુ યોજનામાં આવેલ વાણીજ્ય દુકાન માલિકો એ પોતાના વાહનો દુકાન ની આગળ માર્જીન ની જગ્યામાં પાર્ક કરવાના રહેશે.જેથા પાર્કીગ વ્યવસ્થા

સરળ રીતે ચાલી શકે. સદરહુ યોજના ના સભ્યો એ પાર્કીંગ ની જગ્યામાં વાહનો પાર્ક કરવા સિવાય અન્ય કોઈ ઉપયોગ કરવાના નથી. સદરહુ યોજનામાં બે લીફટ છે, જેનો ઉપયોગ તમામ સભ્યો એ સંયુક્ત રીતે હળીમળી ને જ કરવાનો છે.

(૪૪) સદરહુ યોજના મા આવેલ કોમન એમીનીટીઝ નો ઉપયોગ, વપરાશ, કરતી વખતે જો સભ્યો અને વેચાણ આપનાર વચ્ચે કોઈ મતભેદ કે મનભેદ થાય તો તેનો નિકાલ વેચાણ આપનાર જે પણ કરે તે સર્વે સભ્યોએ માનવાનો રહેશે.

(૪૫) વેચાણ લેનાર એ જે મિલ્કત વેચાણ લેવા બાબતે નક્કી કરેલ છે તે જ મિલ્કત વેચાણ આપેલ છે તે સિવાય કોઈપણ મિલ્કત વેચાણ આપેલ નથી.વેચાણ લેનાર એ જે મિલ્કત વેચાણ લીધેલ છે તે સિવાય અન્ય કોઈપણ મિલ્કતનું સંચાલત કરવા નો હક્ક વેચાણ આપનાર એ વેચાણ લેનાર ને સોંપેલ નથી.

(૪૬) વેચાણ આપનાર સદરહુ યોજના ની નોંધણી ધી રીયલ એસ્ટેટ રેગ્યુલેશન એન્ડ ડેવલોપમેન્ટ એકટ ૨૦૧૬,ની જોગવાઈઓ ને આધીન રેરા ઓથોરીટી સમક્ષ રજીસ્ટ્રેશન નંબર :- . . . . તા.. . . . . . . થી નોંધાયેલ છે.

(૪૭) સદરહુ યોજના રેરા ઓથોરીટી સમક્ષ નોંધાયેલ હોઈ સદરહુ યોજના ની બિલ્ડીંગ માં માળખાકીય ખામી વેચાણ દસ્તાવેજ થયા તારીખથી પાંચ વર્ષ ની અંદર ઉભીથાય તો તે વેચાણ લેનાર એ વેચાણ આપનાર ને લેખતીમાં જાણ કરવાની રહેશે અને તેનો નિકાલ વેચાણ આપનાર યોગ્ય સમયમર્યાદા

માં લાવી આપવાનો રહેશે.જો યોગ્ય સમયર્માદામાં નિકાલ ન આવે તો સક્ષમ ઓથોરીટી સમક્ષ ફરીયાદ કરી શકાશે.

(૪૮) સદરહુ યોજનામાં આવેલ મિલ્કત બાબતે વેચાણ લેનાર સારીરીતે જાણે છે કે ફલોરીંગ ધોવા માટે એસીડ કે કોઈ જ્વલનસીલ પ્રદાર્થ નો ઉપયોગ કરવામાં આવે, વેચાણ લેનાર કપડા ધોવા માટે વોર્શીંગ મશીન નો ઉપયોગ કરે તેનાથી ધ્રુજારી ઉત્પન્ન થાય, ગરમ પાણી તથા તેનો રફ ઉપયોગ કરે તથા દિવાલો માં તોડફોડ કરે – કરાવે, તથા સંડાસ – બાથરુમ પાણીવાળા રહે જેથી આજુબાજુ ની દિવાલો નો ભેજ આવે, તથા બાથરુમ – સંડાસ માં પાણીની લાઈનો આવે છે જે કન્સીલ્ડ હોઈ સમય જતા કે બાથરુમાં તોડફોડ કરતા ટુટી જાય જેનાથી ભેજ નો કે અન્ય કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય, જેનાથી બાંધકામ ને નુકશાન થવાના ચાન્સીસ રહેલા છે તથા સદરહુ યોજનામાં આપવામાં આવેલ કમોડ,પાણીની પાઈપ,ફલોરીંગ,બારણા,બારી, કાચ, ચકલી, નળ વિગેરે સારી કન્ડીશન વાળા વાપરેલ છે પણ ચોમાસા માં ભેજ ના કારણે તથા ગરમી કારણે તીરાડો પડે તેવુ સંભવ છે જેનાથી વેચાણ આપનાર આ બાબતો અંગે જવાબદાર રહેશે નહી.

(૪૯) સદરહુ યોજનાની ગુણવત્તા તથા સદરહુ યોજના માં આવેલ નાના માં નાની વસ્તુઓ ચકાસી ને જે વેચાણ લેનાર એ સદરહુ મિલ્કત વેચાણ લીધેલ છે જેની જાળવણી /સાચવવાની જવાબદારી વેચાણ લેનાર ની છે. સદરહુ યોજનામાં ઉધઈ ની ટ્રીટમેન્ટ કરાવેલ છે પરંતુ જો ફરીથી ઉધઈ આવે તો તે બાબતે સર્વિસ સોસાયટી એ કરાવવાનો રહેશે.

(૫૦) સદરહુ "શુભલક્ષ્મા એવન્યુ" નામની સ્કીમમાં ફલેટો ખરીદનારા અંગે સર્વિસ સોસાયટીની રચના કરવામાં આવેલ છે.સર્વિસ સોસાયટી

"શુભલક્ષ્મી એવન્યુ કો ઓપ હાઉસિંગ સર્વિસ સોસાયટી લીમીટેડ " નો રજીસ્ટ્રેશન નં:- ...., તા.. . . .. , ના રોજ રજીસ્ટર્ડ થયેલ છે. તેના સભ્ય થવાનું તમો વેચાણ લેનાર માટે ફરજીયાત રહેશે.તેમજ સર્વિસ સોસાયટી તરફથી કોમન ખર્ચ અંગે જે માસિક કે વાર્ષિક કે અન્ય સ્વરુપનું કોન્ટ્રાબ્યુશન લેવાનું નક્કી થાય તે કોન્ટ્રાબ્યુશન ની રકમ તેમજ સદરહુ મિલ્કતનું વાર્ષિક મેઈન્ટેનન્સ વિગેરે માટે જે નક્કી કરવામાં આવે તે ખર્ચ વેચાણ લેનારે વરાડે પડતો ભોગવવાનો રહેશે. જો તે નિયમીત ચુકવવામાં તે ચુક કરશે કે વિલંબ કરશે તો કોમન સુવિધા વાપરવાનો હક્ક ગુમાવશે અને સર્વિસ સોસાયટી તેમને પાણી, લીફ્ટ, પાર્કિંગ, વિગેરે વપરાતા અટકાવી શકશે અને ત્યારે તે સામે વેચાણ લેનાર કોઈ જ વાંધો લઈ શકશે નહિ. સદર યોજનાની કોમન એમેનીટાઝ ભવિષ્યમાં સર્વિસ સોસાયટીના નામે ટ્રાન્સફર કરવાની જરુરીયાત જણાય તો વેચાણ આપનારે તેવી કોમન એમેનીટીઝ સર્વિસ સોસાયટીના નામે ટ્રાન્સફર કરી આપવાની રહેશે.

(૫૧) સદરહુ મિલ્કત વેચાણ લીધા બાદ અતિવૃષ્ટી,અનાવૃષ્ટિ,સાયકલોન, ધરતીકંપ આવે અન્યથા હુલ્લડ થાય તેવા સમયે મિલ્કતને નુકશાન થાય તો તેની સંપુર્ણ જવાબદારી અમો વેચાણ લેનારની છે અને રહેશે.

(૫૨) સદરહું મિલ્કત તમો વેચાણ લેનાર તથા વેચાણ લેનાર ના વંશ, વાલી, વારસો, સકસેસરો, ઉત્તરાધીકારીઓ, ઈત્યાદી તમામ કાયદાકીય જોગવાઈને આધિન ચાંદો સુરજ તપે ત્યા સુધીના માટે માત્ર જે હેતુસર પ્લાન પાસ થયા હોય, તે જ હેતુસર ભોગવો, વસો, વસાવો, વેચો, સાટો, ગીરો, બક્ષીસ, વિગેરે માત્ર પોતાની અંગત જવાબદારીથી આપવા માટે હક્કદાર છે.

(૫૩) સદરહુ મિલ્કત ના વાપર ઉપયોગ માટે કોમન માં હાલ અમો વેચાણ આપનાર એ એક બોરવેલ બનાવેલ છે તેનો વપરાશ દરેક યુનિટ ધારકોએ સંયુકત રીતે કરવાનો છે.પરંતુ ભવિષ્યમાં નવો બોરવેલ(ટયુબવેલ), બનાવવાની જરુરીયાત ઉપસ્થિત થાય તો તે તમામ સભાસદો (સભ્યો), એ વરાડે પડતો ખર્ચ ભોગવીને નવો ટયુબવેલ બનાવવાનો છે. જેમાં તમો વેચાણ લેનાર ની મુકત્ત સંમતિ છે.સદર “શુભલક્ષ્મી એવન્યુ” ના નામની યોજનામા અમો વેચાણ આપનારએ વરસાદી પાણીના નિકાલ માટે હાલમાં કુલ –એક (૧), પરકોલેટીંગ વેલ બનાવવામાં આવેલ.

(૫૪) અમો વેચાણ આપનાર – એકતરફવાળાએ સદર મિલ્કત તમો વેચાણ લેનાર ને આ વેચાણ દસ્તાવેજથી સ્વતંત્ર માલિકી હક્કે વેચાણ કરેલ છે અને અમો વેચાણ આપનાર- એકતરફવાળા પ્રયોજકએ સદર મિલ્કત ગીરોમાં કે જામીનમાં મુકેલ નથી તેમજ સદરહુ મિલ્કત તમામ પ્રકારના બોજાઓથી મુકત્ત છે.

(૫૫) સદરહુ સમગ્ર યોજના તેમાં આવેલ કોમન એમેનીટીઝ તથા સ્પેશીફીકેશન ના વરાડે પડતા હક્ક સહિત સદરહુ મિલ્કત વેચાણ કરેલ છે.જે કોમન એમીનીટીઝ તથા સ્પેશીફીકેશન નો તમામ સભાસદોએ સર્વિસ સોસાયટી ના નિતી નિયમોનુસાર તેમજ સર્વિસ સોસાયટીના નિયમોને આધિન સહિયારા ઉપયોગ/ઉપભોગ કરવાનો રહેશે. તેમજ તેવી કોમન એમેનેટીઝ ના કોમન મેઈન્ટેનન્સ માટે સર્વિસ સોસાયટીના વખતો વખત જે વ્યવસ્થા નક્કી કરવામાં આવે તે તમામ સભાસદોએ સહિયારામાં વર્તવાનું છે.

(૫૬) સદરહું મિલ્કતનો અમો વેચાણ આપનારે તમો વેચાણ લેનારને આજરોજ ખાલી, પ્રત્યક્ષ અને શાંત કબજો સુપ્રત કરેલ છે. જે તમો વેચાણ લેનારે સંભાળી લીધેલ છે. તમો વેચાણ લેનારે બાંધકામની ગુણવત્તા બાબતે પુર્ણ સંતોષ છે.તમો વેચાણ લેનાર ને આ સ્કીમાની સુવિધાની સામાન્ય જગ્યાઓ તથા સ્કીમની પાણીની ટાંકીઓ, નળ,ગટર અને ઈલેકટ્રીક લાઈટા, સીડી, લીફ્ટ,રસ્તા તથા પાર્કિંગની કોમન જગ્યા વિગેરે ના ઉપયોગમાં સહિયારા અને સામુહિક હક્ક સિવાય કોઈ આગવો માલીકી હક્ક પ્રાપ્ત થશે નહિ. તમો વેચાણ લેનાર આ સ્કીમના બાંધકામની પ્રવૃતિ સામે કે અન્ય ફલેટોનો નિકાલ કરવા સામે કોઈપણ પ્રકારનો અવરોધ ઉભો કરી કરાવી શકશો નહિ તથા સ્ટે ઓર્ડર વિગેરે નહિ મેળવે તેની તેઓ વેચાણ આપનારને ખાત્રી આપે છે.

(૫૭) વેચાણ લેનાર ને સદરહુ મિલ્કતનો પ્રત્યક્ષ અને ખાલી કબજો જ્યારથી સોંપવામાં આવે ત્યારથી તેઓ તેમના પોતાના ખર્ચે તેની સંભાળ લેશે અને જાળવણી કરશે અને આવી જાળવણી તેમને કબજો સોપાયો, ત્યારે જે સ્થિતીમાં હોય, તેવી સ્થિતીમાં તે મિલ્કત રહે તે રીતે કરશે.

(૫૮) વેચાણ લેનાર સદરહુ મિલ્કતની જગ્યામાં કોઇ સ્ફોટક પદાર્થ લાવશે કે રાખશે નહિ. તેમજ કોઇએવી વજનદાર વસ્તુ લાવશે કે રાખશે નહિ કે એવુ કૃત્ય કરશે નહિ, જેનાથી સ્કીમના બાંધકામના માળખાને નુકશાન થાય તેમજ અન્ય મિલ્કત ધારકોની મિલ્કતને ક્ષતિ કે નુકશાન પહોંચે તેવું કોઇ કૃત્ય વેચાણ લેનાર કરી શકશે નહિ.

(૫૯) વેચાણ લેનાર તેમજ સદરહુ મિલ્કતના ઓકયુપાયરએ તેનો ઉપયોગ એવા પ્રકાર એ કરવાનો નથી કે જેનાથી અન્ય વ્યકિતની મિલ્કતને નુકશાન થાય કે તકલીફ પડે કે ન્યુસન્સ થાય. તેમજ વેચાણ લેનારએ સદરહુ મિલ્કતનો ઉપયોગ અસામાજીક પ્રવૃતિ માટે કરવાનો નથી.

(૬૦) વેચાણ લેનારને જે હેતુ માટે સદરહુ મિલ્કત આપવામાં આવેલ છે તે સિવાય અન્ય હેતુ માટે તેઓ તેનો ઉપયોગ કરી શકશે નહિ યાને કે વેચાણ લેનારએ માત્ર રહેણાંકના હેતુ માટે જ સદરહુ મિલ્કતનો ઉપયોગ કરવાનો છે તેઓ વ્યપારીક, ધાર્મિક, ઔધોગીક, વ્યવસાયિક રીતે શૈક્ષણીક જેવો અન્ય ઉપયોગ કરી શકશે નહિ.

(૬૧) સદરહુ મિલ્કરત અંગે અવેજની વિગત માં દર્શાવ્યા મુજબ ની કિંમત સિવાય ની કોઈ વધારાની રોકડ કે બદલો વેચાણ લેનાર – બીજીતરફવાળા એ વેચાણ આપનાર – એકતરફવાળાને ચુકવી આપેલ નથી.

(૬૨) વેચાણ લેનાર સદરહુ મિલ્કતમાંથી કચરો કે ગંદી વસ્તુઓ કે અન્ય કશુ જ બહાર નાખશે નહી. તેમજ સ્કીમમાંના અન્ય મિલ્કત આગળ કે ઉપર નાખશે નહિ અને તેનો સુયોગ્ય નિકાલ કરશે.

(૬૩) વેચાણ આપનાર ધ્વારા આ દસ્તાવેજની કોઇપણ શરતો અને સમજુતિઓનું વેચાણ લેનાર પાસે પાલન કરવામાં ઢીલ કે વિલંબ થવાના પ્રસંગથી કે તે કારણસર વેચાણ આપનારએ વેચાણ લેનાર સામેના તેમના હક્કો જતા કરેલા હોવાનું ગણાશે નહિ. તેમજ તેવા વિલંબથી વેચાણ આપનારના હક્કોને કોઇપણ હાની કે અસર થશે નહિ.

(૬૪) અમો વેચાણ આપનારએ સદરહુ મિલ્કતનું બાંધકામ અમદાવાદ મ્યુ.કોર્પોરેશન ના મંજુર થયેલા પ્લાન પ્રમાણે અધિકૃત આર્કીટેકટ ધ્વારા તૈયાર કરવામાં આવેલ પ્લાનીંગ અને ડિઝાઇન અનુસાર આર્કીટેકટ / એન્જીનીયર ની દેખરેખ હેઠળ કરેલ છે અને તે અંગે રીયલ એસ્ટેટ રેગ્યુલેશન એન્ડ ડેવલોપમેન્ટ એકટ – ૨૦૧૬,ના નિયમોનુંસાર જરુરી પુર્તતા વેચાણ આપનાર એ કરેલ છે અને તેવી પુર્તતા કરતા રેરા ઓથોરીટી ધ્વારા વેચાણ આપનારના સદર પ્રોજેકટ અંગે રેરા રજીસ્ટ્રશન નંબરઃ– ...., ફાળવી આપવામાં આવેલ છે અને તેની તમામ વિગતો અમો વેચાણ આપનાર ધ્વારા રેરા ઓથોરીટી ની વેબસાઇટ ઉપર અપલોડ કરવામાં આવેલ છે.જે વિગતો વેચાણ લેનારે ચકાસેલ છે.

(૬૫) સદરહુ મિલ્કત તમો વેચાણ લેનારએ કોઇપણ પ્રકારે કોઇને પણ ટ્રાન્સફર કરવી હોય તો સદરહુ મિલ્કત ધરાવનારએ વેચાણ આપનારની અથવા સર્વિસ સોસાયટી ની પુર્વ મંજુરી મેળવવાની છે તથા જરુરી ટ્રાન્સફર ફી ચુકવવાની છે. જો પુર્વ મંજુરી મળી ના હોય તો તે ટ્રાન્સફરી ને સદરહુ મિલ્કતનો કબજો તમો વેચાણ લેનારએ સોંપવાનો નથી તથા ટ્રાન્સફર કરવાનો નથી. તેવી જ રીતે જો તમો વેચાણ લેનાર સદરહુ મિલ્કતને ભાડે આપો તો પણ યોગ્ય ભાડુઆતને ભાડે આપવાની છે અને તેવા ભાડુઆતે તથા તમો વેચાણ લેનારએ સ્કીમના નિયમોનું પાલન કરવાનું છે. સ્કીમના કર્મચારીઓ/મેનેજમેન્ટ સાથે ઝધડવાનું નથી અને તે અંગે લાગતા વળગતા સરકારી વિભાગમાં તમો વેચાણ લેનારએ જાણ કરવાની છે.

(૬૬) સદરહુ સ્કીમમાં મુકવામાં આવેલી લીફ્ટનો ઉપયોગ વેચાણ આપનાર કે કમીટીએ બનાવેલી નિતી – નિયમો અનુસાર કરવાનો છે તથા લીફ્ટ નો ઉપયોગ કરકસરપુર્વક કરવાનો છે અને શકય હોય ત્યાં સુધી પોતે જાતે તથા પોતાના કર્મચારી લીફ્ટનો દુરઉપયોગ ના કરે તેનું દરેક મિલ્કત હોલ્ડરે ધ્યાન રાખવાનું છે અને તેમાં સહકાર આપવાનો છે. તેવી રીતે બાળકો પણ લીફ્ટનો ઉપયોગ વારંવાર રમવા માટે ના કરે તેનું ધ્યાન રાખવાનું છે. આ લીફ્ટની ક્વોલીટી સારી છે પરંતુ તેમ છતા મશીન છે અને વેચાણ આપનારએ જાતે મેન્યુફેકચર કરેલ નથી તેથી લીફ્ટના વપરાશ દરમ્યાન જો ક્ષતિથી કે અન્ય કારણસર કોઇને શારીરીક કે અન્ય સ્વરુપનું નુકશાન થાય તો તે અંગે વેચાણ આપનાર જવાબદાર બનશે નહિ. તથા તમો વેચાણ લેનાર કે તમારા વંશ,વાલી,વારસો એ તેવી નુકશાની/વળતર તેમની પાસે માંગશો નહિ/ માંગી શકશે નહી તેની અમો વેચાણ લેનાર વેચાણ આપનારને પાકી ખાત્રી અને વિશ્વાસ આપીએ છીએ.

(૬૭) આજ પછી જો કોઇ કાયદાકીય ફેરફાર થાય તો અને તેના પરીણામે કોઇ વધુ વેરા, ટેક્ષ કે ફી કોર્પોરેશન ટેક્ષ, ઈલેકટ્રીક કંપનીમાં અથવા સરકારી કે અર્ધસરકારી કચેરીઓમાં ભરવાના થાય તો તે તમામ મિલ્કતો ના ખરીદનાર એ વરાડે પડતા હિસ્સે ભોગવવાનો રહેશે. તેવી રકમ ચુકવવા વેચાણ લેનાર બંધાયેલ છે.

(૬૮) સદર યોજના ના ટોપ ફલોરના ફલેટની ઉપર આવેલ ધાબુ તમામ ફલેટ ધારકોનું સહિયારુ રહેશે. આ તમામ બાબતો વેચાણ લેનાર કબુલ - મંજુર રાખે છે. અને આ અંગે ભવિષ્યમાં વેચાણ આપનાર સામે કે અન્ય કોઇ ફલેટ રહિશ સામે વાંધો કે તકરાર કરવા – કરાવવા વેચાણ લેનાર હક્કદાર નથી. સદરહુ યોજનાના ધાબામાં જે તે ફલેટ ધારકો ટેલીફોન, ઈન્ટરનેટ,

ચેનલ એન્ટેના,ના હેતુ માટે ઉપયાગ કરી શકશે તેમાં તમામ ફલેટ ધારકોની સંમતિ છે.

(૬૯) સદર "શુભલક્ષ્મી એવન્યુ" ના ફલેટ ધારકોએ હોલોપ્લીન્થ ના ભાગે વહેલા તે પહેલાના ધારણે વાનહ પાર્ક કરવાનું રહેશે. સદરહુ યોજનાનું તમામ પાર્કીગ કોમન પાર્કીગ છે. દરેક મિલ્કત ધારકએ પોતાની મિલ્કતમાં વિઝીટર્સને તેમના વાહનોનું પાર્કીગ તેઓ કમપાઉન્ડની બહાર કરે તેવું જણાવવાનું છે તથા પોતાના વાહનો શિસ્તપુર્વક અને નિતી નિયમો અનુસાર પાર્ક કરવાના છે. તેમજ સદરહુ યોજનાના સભાસદોએ કમાપાઉન્ડની અંદર પોતાના હેવી કોર્મશીયલ વાહનો પાર્ક કરવાના નથી. તેમજ સદર સમગ્ર "શુભલક્ષ્મી એવન્યુ" ના તમામ ફલેટ હોલ્ડરો અ કમ્પાઉન્ડ ની અંદર હોલોપ્લીથ ના ભાગે બ્લોકની તમામ જગ્યામાં પાર્કીગ કરવાનું છે.

(૭૦) સદરહુ મિલ્કતના અત્યાર સુધીના તમામ પ્રકારના વેરાઓ,સરકારી, અર્ધસરકારી,જેવા કે ટેક્ષ,પંચાયત વેરા,બેટરમેન્ટ ટેક્ષ,વિશેષધારો, શિક્ષણ વેરો,તથા સ્કીમનો વહીવટી ખર્ચ વિગેરે વેચાણ આપનારએ આજદિન સુધીના ભર્યા છે અને આમ છતા જો તે બાકી નિકળે તો તે ભરપાઇ કરવાની જવાબદારી વેચાણ આપનારની છે. હવે પછીના (વેચાણ દસ્તાવેજ ની તારીખ પછીના સમયના) આવા તમામ પ્રકારના ટેક્ષ, વેરાઓ, તથા સ્કીમોનો વહીવટી ખર્ચ વિગેરે તમામ વેચાણ રાખનારએ ભરવાના છે.

(૭૧) સદરહુ નીચે પરિશિષ્ટમાં વર્ણવેલી મિલ્કત વેચાણ રાખનાર તથા તેમના વંશ, વાલી, વારસો, સકસેસરો,ઉત્તરાધીકારીઓ, ઈત્યાદી તમામના કબજા ભોગવટામાં આ વેચાણ દસ્તાવેજના આધારે આવી છે.જેથી તેમાં હવે અમો

વેચાણ આપનાર ભાગીદારી પેઢીનો તથા ભાગીદારી પેઢીના હાલના તથા વખતો વખતના ભાગીદારો તથા ભાગીદારો ના વંશ, વાલી, વારસો, એસાઇનીઓ, એકઝીકયુટરો, તમામનો કે કોઇનો કોઇપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સા રહયા નથી. જેથી વેચાણ આપનાર કે તેમના વંશ, વાલી, વારસો, ઈત્યાદી કોઇપણ રીતે વેચાણ રાખનારને હરકત કે અટકાયત કરીશું નહી.

(૭૨) વધુમાં સદરહુ મિલ્કતના હક્કો ટાઇટલ્સ પુરવાર કરવા માટે કાયદેસર જે જે લેખો,કાગળો, વિગેરે ની વખતો વખત વેચાણ રાખનાર તથા તેમના વંશ, વાલી, વારસો, સકસેસરો, ઉત્તરાધિકારીઓ ઈત્યાદીને જયારે અને જયા જયા જરુર પડે ત્યારે ત્યારે અને ત્યાં ત્યાં તેવા લેખો,કાગળો,વિગેરે વેચાણ આપનાર વેચાણ રાખનાર ની વિનંતી થી રાખનાર ના ખર્ચે યોગ્ય હશે તો કરી આપશે.

(૭૩) અમો વેચાણ આપનારએ તમો વેચાણ લેનારને આજરોજ સદરહુ મિલ્કત અંગેના દસ્તાવેજોની નકલ,પ્લાનની નકલ,અન્ય કાગળોની ઝેરોક્ષ નકલો, પહોચો, તેમજ ફલેટને લગતા તમામ પેપર્સ વેચાણ લેનાર ને મળેલા છે અને તે વેચાણ લેનાર એ જોઇ તપાસી સ્વીકારી લીધેલ છે.

(૭૪) સદરહુ ફાળવેલ /વેચાણ આપેલ મિલ્કતને લઇને અમો લખીઆપનાર – એકતરફવાળા પ્રયોજક અને તમો લખાવી લેનાર – બીજીતરફવાળા અલોટી સભ્ય વચ્ચે કોઇપણ પ્રકારનો વિવાદ કે તકરાર ઉપસ્થિત થયેલ વિવાદ કે તકરારનો ઉકેલ લાવવાનો રહેશે. તેમ છતા તે વિવાદ કે તકરાર નો ઉકેલ ન આવે તો રેરા એકટ ૨૦૧૬, ની આથોરીટી ના નિતી નિયમો મુજબ ઉકેલ લાવવાનો રહેશે.

(૭૫) આ વેચાણ દસ્તાવેજ અંગે નો તમામ ખર્ચ જેવો કે સ્ટેમ્પડયુટી, રજીસ્ટ્રશન ફી, ટાઈપીંગ ફી,વકીલ ફી,લખામણી ફી,જી.એસ.ટી,ટેક્ષ,તથા પરચુરણ ખર્ચ, વિગેરે તમામ ખર્ચ વેચાણ લેનારએ ભોગવલો છે તથા જો કોઇ સ્ટેમ્પ ડયુટી,રજીસ્ટ્રશન ફી,સર્વિસ ટેક્ષ, વિગેરે હવે પછી પણ ભરવાના થાય તો તે તમામ વેચાણ લેનાર એ ભરવાના અને ભોગવવાના છે.

પરિશિષ્ટ – ૧,

જત ડિસ્ટ્રીકટ અમદાવાદ ના સબ ડિસ્ટ્રીકટ તથા રજીસ્ટ્રશન ડિસ્ટ્રીકટ અમદાવાદ ૮ (સોલા) ના મોજે ગામ ત્રાગડ ની સિમના સર્વે/બ્લોક નં ૩૩૭/૨, નીર૬૩૦ ચો.મી જમીન કે જેનો ટાઉન પ્લાનીંગ સ્કીમ નં ૬૯, માં સમાવેશ થવાથી ફા.પ્લોટ નં ૨૮૮, ફાળવવામાં આવતા ફાઈનલ પ્લોટ મુજબ નું ક્ષેત્રફળ ૧૫૭૮ ચો.મી બીનખેતીની જમીન ના ખુંટ ચારની વિગત નીચે મુજબ છે.

સર્વે– બ્લોક નંબર મુજબ ના ખુંટ ચારની વિગત

પૂર્વે	:-	સર્વે/બ્લોક નં :- ૨૭૩,
પશ્ચિમ	:-	સર્વે/બ્લોક નં :- ૩૩૭/૧,
ઉત્તરે	:-	સર્વે/બ્લોક નં :- ૨૭૦,
દક્ષિણે	:-	સર્વે/બ્લોક નં :- ૩૩૬/૧,

<u>ફાઈનલ પ્લોટ મુજબ ના ખુંટ ચારની વિગત</u>

પૂર્વે :- ૧૨મીટર રોડ,

પશ્ચિમ :- એફ.પી. નં :- ૨૮૯,

ઉત્તરે :- એફ.પી નં :- ૨૮૭,

દક્ષિણે :- સર્વે નં :- ૨૯૪/૧, (એન.સી)

<u>પરિશિષ્ટ – ૨,</u>

જત ડિસ્ટ્રીકટ અમદાવાદ ના સબ ડિસ્ટ્રીકટ તથા રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ અમદાવાદ ૮ (સોલા) ના મોજે ગામ ત્રાગડ ની સિમના સર્વે/બ્લોક નં ૩૩૭/૨, ની૨૬૩૦ ચો.મી જમીન કે જેનો ટાઉન પ્લાનીંગ સ્કીમ નં ૬૯, માં સમાવેશ થવાથી ફા.પ્લોટ નં ૨૮૮, ફાળવવામાં આવતા ફાઈનલ પ્લોટ મુજબ નું ક્ષેત્રફળ ૧૫૭૮ ચો.મી બીનખેતીની જમીન ઉપર આવેલ "શુભલક્ષ્મી એવન્યુ" ના નામથી ઓળખાતી સ્કીમ માં આવેલ જુદા જુદા ફલેટસ પૈકી . . . . માળે આવેલ ફલેટ નં . . ., ચો.મી. . . . . , ના કાર્પેટ ક્ષેત્રફળ ના બાંધકામ વાળી મિલ્કત(રીયલ એસ્ટેટ એન્ડ રેગ્યુલેશન એન્ડ ડેવલોપમેન્ટ એકટ ૨૦૧૬ ના નિયમોનુસાર), તથા ફા.પ્લોટ નં ૨૮૮, ની ૧૫૭૮ ચો.મી બિનખેતીની જમીન પૈકી બાંધકામના પ્રમાણમાં વણ વહેચાયેલ ચો.મીટર . . . . ., ના હક્ક,સહિતની મિલ્કત ના ખુંટ ચારની વિગત નીચે મુજબ છે.

વેચાણ આપવામાં આવેલ મિલ્કત ના ખુંટ ચાર ની વિગત

પૂર્વે :- ....,

પશ્ચિમ :- ....,

ઉત્તરે :- ....,

દક્ષિણે :- ....,

એ રીતેના ખુંટચારની વચલી મીલકત

એ રીતે ઉપર મુજબનો આ વેચાણ દસ્તાવેજ અમો વેચાણ આપનાર એ તથા તમો વેચાણ લેનાર એ રાજીખુશીથી તથા અક્કલ હોશીયારીથી વાંચી, સમજી, વિચારીને કોઇના કોઇપણ જાતના દબાણ વગર, બીનકેફી હાલતમાં, તંદુરસ્ત સ્થિતીમાં કરેલ છે, જે અમો વેચાણ આપનાર ને તથા અમો વેચાણ આપનાર ભાગીદારી પેઢીના હાલના તથા વખતો વખતના ભાગીદારો તેમજ ભાગીદારોના વંશ,વાલી,વારસો,સકસેસરો,એસાઇનીઓ, એકઝીક્યુટરો,એટર્નીઓ,એડમીનીસ્ટ્રટરો તથા તમો લખાવીલેનાર ના વંશ,વાલી,વારસો,સકસેસરો,એસાઇનીઓ,એકઝીક્યુટરો,એટર્નીઓ, એડમીનીસ્ટ્રટરો ઈત્યાદી તમામને બંધનકર્તા છે અને રહેશે અમદાવાદ મધ્યે આજ તારીખ....../..../૨૦..., ના દિને.

<u>વેચાણ આપનાર/એકતરફવાળા/લખીઆપનાર</u>

....
ત્રિલોક ઈન્ફ્રાસ્ટ્રકચર એ નામની ભાગીદારીપેઢી વતી અને તરફથી તેમના વહીવટકર્તા ભાગીદાર શ્રી વિકાસસિંહ એન.રાજપુત

....

સાક્ષી સાક્ષી

મિલકતના ફોટોગ્રાફ્સ

“શુભલક્ષ્મી એવન્યુ”સ્કીમ માં આવેલ યુનિટ નંઃ- . . .. /. . . ,

વેચાણ આપનાર   વેચાણ લેનાર

....

મિલકતના ફોટોગ્રાફ્સ

"શુભલક્ષ્મી એવન્યુ"સ્કીમ માં આવેલ યુનિટ નંઃ- . . .. /. . . ,

વેચાણ આપનાર વેચાણ લેનાર

....

<u>ભારતીય રજીસ્ટ્રેશન એકટની કલમ-૩૨(એ) મુજબ નું પરિશિષ્ટ</u>

<u>વેચાણ આપનાર/એકતરફવાળા/લખીઆપનાર</u>

....

(વેચાણ આપનાર)

ત્રિલોક ઈન્ફ્રાસ્ટ્રકચર એ નામની ભાગીદારીપેઢી વતી અને તરફથી તેમના વહીવટકર્તા ભાગીદાર શ્રી વિકાસસિંહ એન.રાજપુત

<u>ભારતીય રજીસ્ટ્રેશન એકટની કલમ-૩૨(એ) મુજબ નું પરિશિષ્ટ</u>

<u>વેચાણ લેનાર/બીજીતરફવાળા/લખાવાલેનાર</u>

....

વેચાણ લેનાર :-